સને ૨૦૧૬-૧૭ ના વર્ષના અંદાજપત્રમાંથી માહે જુલાઇ–૨૦૧૬ થી સપ્ટેમ્બર-૨૦૧૬ના માસ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત......
માંગણી ક્રમાંક: ૯૬ (આદિજાતિ વિકાસ વિભાગ)
(આયોજન હેઠળ)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૬/૮૩૧/ખ-3
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૦૫-૦૭ -૨૦૧૬

વંચાણે લીધો –

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૩-૦૬-૨૦૧૬ના ઓનલાઈન ઠરાવ ક્રમાંક:-

બીયુડી/૧૦૨૦૧૬/૨૦૨/પ્લાન/૩૨

યાદી : -

આમુખમાં દર્શાવેલા આદિજાતિ વિકાસ વિભાગના તારીખ: ૨૩-૦૬-૨૦૧૬ ના ઓનલાઈન ઓર્ડરથી સને ૨૦૧૬-૧૭ ના વર્ષના અંદાજપત્રની જોગવાઈમાંથી માહે : જુલાઇ થી સપ્ટેમ્બર ૨૦૧૬ માસ માટેની માંગણી નં-૯૬ હેઠળ રૂા.૧૦૮/- કરોડ (અંકે રૂપિયા એક સો આઠ કરોડ પુરા) ની ગ્રાન્ટ નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરને ફાળવેલ છે.

માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ માં આયોજન હેઠળ રૂા.૧૨૫/- લાખ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર અને સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો), ગાંધીનગરને તથા માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ માં આયોજન હેઠળ રૂા.૧૦૬.૭૫ કરોડ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ ખર્ચ કરવા ફાળવવા ઉપાડ અને વહેચણી અધિકારી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

( રૂપિયા લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | | જુલાઇ-૨૦૧૬ થી સપ્ટેમ્બર-૧૬ સુધી<br>આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક - ૯૬ (આયોજન હેઠળ) | | | |
| ૧ | મુખ્ય સદર - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ | ૧૦૬૭૫ | અંકે રૂપિયા એક સો છ કરોડ પંચોતેર લાખ પુરા |
| | પેટા સદર - | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ ડબલ્યુ. એસ.એસ.-૪૭ ગ્રામીણ પાણી પુરવઠાની સરકારી યોજનાઓ (પીવાનું પાણી) | | |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ | | |
| | હેડ ચાર્જેબલ – | ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૧ | | |
| | સ્કીમ કોડ - | ૧૨૭૨૭૭ | | |
| | સરવાળો - | (અ) ૪૨૧૫ | ૧૦૬૭૫ | |

## વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)

( રૂપિયા લાખમાં )

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય સદર - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ | ₹૧૨૫ | અંકે રૂપિયા એક કરોડ પચ્ચીસ લાખ પુરા |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
| | પેટા સદર - | ૦૮ આદિવાસી વિસ્તારોમાં ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજના માટે ૧૦% લોકફાળાની રકમ ભરવામાંથી મુકિત. | | |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ | | |
| | હેડ ચાર્જેબલ – | ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૮ | | |
| | સ્કીમ કોડ - | ૧૨૨૭૫૮ | | |
| | સરવાળો - | (બ) ૪૨૧૫ | ૧૨૫ | |
| | કુલ સરવાળો (અ+બ).... | | ૧૦૮૦૦ | |

શરતો :-

1. સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
2. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૬-૧૭ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.
3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ પાણી પુરવઠા વિભાગને કરવાના રહેશે.
4. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારી/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેચણી અધિકારી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
8. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ) ના તા.૨૩-૦૬-૨૦૧૬ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)

સેક્શન અધિકારી

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. ખાસ ફરજ પરના અધિકારીશ્રી,નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૩. નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૪. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન(વાસ્મો), ગાંધીનગર.

**નકલ રવાના**

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.

૪ .સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૫ .ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર

૬ .જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

૭ .નાયબ સેક્શન અધિકારી.

૮ .પસંદગી ફાઈલ.